संगठित बनो..　　शिक्षित बनो..　　संघर्ष करो..

# પાટણવાડા બેતાલીસ ગોળ રોહિત સમાજનું

## સામાજીક બંધારણ



**શુભ**　　**લાભ**

સંવત ૨૦૭૦ ના ચૈત્ર સુદ-૧ ને સોમવાર તા. ૩૧/૩/૨૦૧૪ ના રોજ પાટણવાડા બેતાલીસ ગોળ રોહિત સમાજના બંધારણ માટેની મીટીંગ હારીજ ખાતે વર્કશોપમાં સ્વખર્ચ રાખવામાં આવી.

બેતાલીસ ગોળ રોહિત સમાજના સામાજીક વ્યવહારો તેમજ રીત રિવાજોનું બંધારણ કરવામાં આવ્યું. જેના ઠરાવો, સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા.

Scanned by CamScanner
Scanned with CamScanner
Scanned with CamScanner

## ઠરાવ નં. - ૧ સગાઈની વિગત

૧. સગાઇ કરતી વખતે દિકરી પક્ષ તરફથી દિકરા પક્ષને સગાઇના ચાંદલાનો રૂપિયો એક (૧) તથા ગોળની ભરેલી ટોપરાની કાછલી મોકલવી.

૨. કાછલી સાથે ધરધણીએ રૂપિયા એકાવન (૫૧) મોકલવા ભાઇઓ તથા સગા સંબંધીઓ કોઇપણ પ્રકારની રકમ મોકલવી નહિ.

૩. કાછલી સાથે કોઇપણ જાતની ભેટ, સોગાદ, કપડાં લત્તાં કે ફીક્સ ડીપોઝીટનાં પ્રમાણપત્રો મોકલવા નહિ.

૪. સગાઇ કર્યા પછી પ્રથમ હુતાસણીનો તહેવાર આવે તો કન્યા માટે કપડાં-હારડા કે અન્ય કોઇ વસ્તુઓ લઇ જવાનું સદંતર બંધ કરવામાં આવે છે.

૫. ઉપરોક્ત પેટા કલમ ૧ થી ૪ નો ભંગ કરશે તે બેતાલીસ ગોળ રોહિત સમાજનો ગુનેગાર ગણાશે.

## ઠરાવ નં. - ૨ વેવાઈવટ કરવા બાબત.

૧. સગાઇ કર્યા પછી બન્ને પક્ષોએ અરસ-પરસ પોતાની અનુકુળતાએ અગિયાર માણસોએ વેવાઇવટ કરવા જવું.



Scanned by CamScanner
Scanned with CamScanner
Scanned with CamScanner

૨. દિકરીના પિતાએ સગા વેવાઇને રૂા. ૨૫ (પચ્ચીસ) અન્યને રૂા. ૧૦ (દશ) પ્રમાણે વહેવાર કરવો.

**ઠરાવ નં. - ૩ લગ્નની વિગત**

૧. કન્યા પક્ષ તરફથી લગ્ન લઇને અગિયાર માણસોએ જવું.

૨. લગ્ન વધાવતી વખતે ચાંદલામાં રૂા. ૧ (એક) અને લગ્ન વહેવાર રૂા. ૧૦ (દશ) મળી કુલ અગિયાર રૂપિયા આપવા.

૩. લગ્ન પ્રસંગમાં જમણવારમાં મરજીયાત છે. જે બનાવવું હોય તે બનાવવાની છુટ છે.

૪. લગ્ન લઇને સવારે જવુ અને લગ્ન વિધિ પતાવી સાંજે પરત આવવુ રાત્રી રોકાણ કરવું નહિ.

૫. બન્ને પક્ષોએ મળી જાનનું મુર્હુત જોવડાવી નક્કી કરવું.

૬. લગ્ન વધાવેલી કન્યાના પિતાને ત્યાં મુરતીયાના પિતા જાન લઇને ન આવે તો મુરતીયાના પિતાએ કન્યાના પિતાને રૂા. ૧૧૧૪૨ (અગિયાર હજાર એકસો બેતાલીસ) આપવાના રહેશે. તથા મુરતીયાના પિતા બેતાલીસ ગોળ રોહિત સમાજનો ગુનેગાર ગણાશે.

૭. લગ્ન વધાવ્યા પછી કન્યાના પિતા મુરતીયા સાથે તેની દિકરી ન પરણાવેતો કન્યાના પિતાએ મુરતીયાના પિતાને રૂા. ૧૧૧૪૨ (અગિયાર હજાર એકસો બેતાલીસ) આપવાના રહેશે તથા કન્યાના પિતા બેતાલીસ ગોળ રોહિત સમાજનો ગુનેગાર ગણાશે.



Scanned by CamScanner
Scanned with CamScanner
Scanned with CamScanner

## ઠરાવ નં. - ૪    જાનમાં જમણવાર બાબત

૧. આવતી જાનને સામે નાસ્તું પાણી આપવાનું સદંતર બંધ કરવામાં આવે છે.

૨. આવતી જાને મુરબીઓએ તરત જ પુંખી લેવી અને જાનને જાનના ઉતારે લઈ જવી.

૩. જમણવાર શક્તિ પ્રમાણે જમણવાર આપવો (જમણવારમાં જે બનાવવુ હોય તે બનાવવાની છુટ છે.)

૪. જાનમા જાનૈયા ૭૦ (સિત્તેર) તેમજ એક વરરાજા મળી કુલ ૭૧ (ઇકોતેર) માણસોએ જવું.

૫. જાનમાં જાનડીઓ લઈ જવાની રહેશે નહિ જે કોઈ લઈ જશે તે સમાજનો ગુનેગાર થશે.

૬. જાન લઈને સવારે જવું અને સાંજે પરત થવું. તેજ પ્રમાણે ગામે આવેલ જાનને સાંજે વિદાય આપવી.

૭. જાન લેવા વરઘડ મોકલવો નહિ.

૮. જાનમાં વાજિંત્ર લઈ જવુ નહિ, પરંતુ માંડવે વગાડવાની છુટ છે.

૯. વરરાજા તથા કન્યાએ લગ્ન પ્રસંગે પોતાની ઈચ્છા પ્રમાણે પોશાક પહેરી શકશે.

૧૦. તલ તલવા સદંતર બંધ કરવામાં આવે છે.

૧૧. લગ્ન વિધિ પછી કન્યાને જાનના ઉતારે લઈ જવી નહિ.

૧૨.. વરરાજાને ફુલહાર પહેરાવવો અને કન્યાને મોડ પહેરાવવો.

Scanned by CamScanner
Scanned with CamScanner
Scanned with CamScanner

૧૩. આણાવર મોકલવો અને ઓઢમણામાં પેન્ટપીસ આપવો.

૧૪. આણું પાંચ દિવસથી વધારે રાખવું નહિ.

૧૫. આણું મુકવા પાંચ માણસોએ જવું.

**ઠરાવ નં. - ૫ દાપાની વિગત**

૧. દાપામાં રૂા. ૭૦૪૨/ અંકે રૂપિયા ૭ હજાર બેતાલીસ દાપાપેટે ભાણો ભરવા.

૨. પંચના રૂા. ૨૫ (પચીસ) આપવા.

૩. લગ્ન વિધિના બ્રાહ્મણને બન્ને પક્ષોએ રૂા. ૧૦-૧૦ આપવા.

૪. સગાઈ મેળવવીયાને બન્ને પક્ષોએ રૂા. ૨૫-૨૫ આપવા.

**ઠરાવ નં. - ૬ વળતરની વિગત**

વળતરમાં કન્યાના પિતાએ નીચે મુજબ આપવાનું રહેશે.

૧. ૧૦૦ ગ્રા. ચાંદીના છડા અથવા પાયલ, સોનાનો રવો અથવા ચુની, ત્રાંબા અથવા પિત્તળનું બેડું અને બાજવટ આપવો.

૨. વેવાઈને પાઘડીના રૂા. ૨૫/- આપવા જમાઈને વાળીના રૂા. ૨૫/- આપવા અને મુરતીયાને ખભા ઢંકણાના રૂા. ૧૦/- આપવા.

૩. દિવાધર અને થાળી આપવાની સદંતર બંધ છે.

૪. ભેટ સોગાદ આપવાનું સદંતર બંધ કરવામાં આવે છે.

૫. કન્યાને મોડ પહેરાવવો.

૬. નિવેજમાં એક કિલ્લો ચોખા-૫૦૦ ગ્રામ ગોળ અને ટકાના રૂા. ૧૦/- આપવા.



Scanned by CamScanner
Scanned with CamScanner
Scanned with CamScanner

૭. જાનને ગુલાલ આપી વિદાય આપવી.

૮. આ સિવાય કાંઇ લેવું દેવુ નહિ અને જો કોઈ લેવડ-દેવડ કરશે તો બેતાળીશ ગોળ રોહિત સમાજનો ગુનેગાર ગણાશે.

**ઠરાવ નં. - ૭ લગ્નના સામાન્ય નિયમો**

૧. કંકુ કન્યા આપવાની છુટ છે.

૨. કન્યાને ઉપર જણાવ્યા મુજબ જ વળતર આપવું.

૩. દાપુ પાછુ આપવાની છુટ છે.

૪. સમૂહ લગ્નમાં દિકરા દિકરી પરણાવવાની છુટ છે. આ પ્રસંગે સમૂહલગ્નના આયોજકોના નિયમો મુજબ વર્તવાનું રહેશે પરંતુ જે તે બંધારણ મુજબ વર્તવાનું રહેશે.

૫. બેતાલીસ ગોળ સિવાય અન્ય કોઈપણ ગોળમાં કન્યા લેવાં દેવાની છુટ છે કન્યા તેનું દહેજ તેમજ કન્યા પક્ષના નિયમ મુજબ વહેવારો કરવા.

**ઠરાવ નં. - ૮ મોસાળાની વિગત**

૧. મોસાળની શક્તિ પ્રમાણે મોસાળુ લઈને જવું.

૨. વેવાઈને રૂા. ૨૫/- (રૂા. પચ્ચીસ) આપવા.

૩. જમાઈને વાળીના રૂા. ૨૫/- (રૂા. પચ્ચીસ)આપવા.

૪. દાપુ આપવાની છુટ છે પરણતી કન્યા તેનું દહેજ પ્રમાણે વર્તન કરવું.

૫. વેડ સદંતર બંધ કરવામાં આવે છે.



Scanned by CamScanner
Scanned with CamScanner
Scanned with CamScanner

**ઠરાવ નં. - ૯ મામેરૂ ભરવા બાબતે**

૧. મામેરામાં રોકડ રકમ કે દાગીના શક્તિ પ્રમાણે આપવા.

૨. વેવાઇને પાઘડીના રૂા. ૨૫/– (પચ્ચીસ) આપવા.

૩. પંચના રૂા. ૨૫/– (પચ્ચીસ) આપવા.

૪. ખભા ઢંકણાના રૂા. ૨૫/– (પચ્ચીસ) આપવા.

**ઠરાવ નં. - ૧૦ પુનઃ લગ્ન બાબત**

૧. કન્યાને હાંસડી ચડાવવા પાંચ માણસોએ જવું.

૨. હાંસડી પેટે રૂા. ૧૪૨/– (એકસો બેતાલીસ)આપવા.

૩. જમણવાર મરજીયાત છે જે બનાવવું હોય તે છુટ છે.

૪. વળતરમાં કન્યાપક્ષ તરફથી સગા વેવાઇને રૂા. ૨૫/– (પચ્ચીસ) અને અન્યને રૂા. ૧૦/– (દસ) પ્રમાણે વેવાર કરવો.

**ઠરાવ નં. - ૧૧ સાજનાના આણા બાબતે**

– મુરતીયા પક્ષ તરફથી

૧. સાજનાનું આણું તેડવા ૧૫ (પંદર) માણસોએ જવું.

૨. ઘપુ રૂા. ૪૦૪૨/– (ચાર હજાર બેતાલીસ ભાણે ભરવા.)

૩. કન્યા માટે એક જોડી કપડાં લઇ જવાં.

૪. ૧૦૦ ગ્રા. ચાંદીના છડા અથવા પાયલ લઈ જવા.

૫. સોનાનો રવો અથવા ચુની લઇ જવી.

૬. કન્યા માટે મુરતીયા (બંગડી) લઇ જવાં વધારાનો કોઈપણ દાગીનો લઇ જવો નહિ.

૭. સાજનાનું આણુ તેડવા સવારે જવુ અને સાંજે પરત આવવું.



Scanned by CamScanner
Scanned with CamScanner
Scanned with CamScanner

(બ) કન્યા પક્ષ તરફથી વળતર

૧. તાંબા અથવા પિત્તળનું બેડું આપવું.

૨. જમણવ્યવસ્થા મરજીયાત છે જે કંઈ આપવું હોય તે છુટ છે.

૩. દિકરીના પિતાએ સગા-વેવાઈને રૂા. ૨૫/- (પચ્ચીસ) તેમજ અન્યને રૂા. ૧૦/- (દસ) પ્રમાણેનો વહેવાર કરવો.

**ઠરાવ નં. - ૧૨ શ્રીમંતની વિગત**

૧. શ્રીમંતના સુકન માટે સવાશેર ચોખા-એક શ્રીફળ અને કંકુના સાત પડીકાં લઈ જવાં.

૨. દિકરીના શ્રીમંત વખતે કન્યાના પિતાએ એક જોડી કપડાં લઈ જવાં અને જમાઈ માટે ધોતી અથવા પેન્ટ પીસ લઈ જવું.

૩. વેવાઈને પાઘડીના રૂા. ૨૫/- (પચ્ચીસ) આપવા.

૪. જમાઈને પાણી પેટે રૂા. ૨૫/- (પચ્ચીસ) આપવા.

૫. શ્રીમંત લઈ આવનારને પેન્ટ અથવા ધોતી આપવી.

૬. દિકરીની નણંદ માટે ડ્રેસ અથવા સાડી લઈ જવી. તે સિવાય કાંઈ આપવું નહિ.

**ઠરાવ નં. - ૧૩ ટંકનું આણુ કરવા બાબત**

૧. ટંકનું આણુ તેડવા ૨ (બે) માણસોએ જવું.

૨. આણા વટ પેટે રૂા. ૪૨ (બેતાલીસ) આપવા.

૩. ટંકનું આણું તેડવા આવનાર વેવાઈને રૂા. ૨૫/- (પચ્ચીસ) આપવા.

**ઠરાવ નં. - ૧૪ ઝીયારાનું આણુ કરવા બાબત.**

૧. ઝીયારાનું આણુ તેડવા માટે વેવાઈ જમાઈ સાથે



Scanned by CamScanner
Scanned with CamScanner
Scanned with CamScanner

કુલ-૫ (પાંચ) માણસોએ જવું.

૨. આણાપટના રૂા. ૧૪૨/- (એકસો બેતાલીસ) આપવા.

૩. વેવાઈને પાઘડીના રૂા. ૨૫/- (પચ્ચીસ) આપવા. તથા સાથે આવનારને રૂા. ૧૦/- (દશ) આપવા.

૪. જમાઈ અને દિકરીને પોતાની શક્તિ પ્રમાણે આપવું.

**ઠરાવ નં. - ૧૫ છુટાછેડાની વિગત**

૧. વરપક્ષ અને કન્યા પક્ષ બન્ને પક્ષોની સંમતિથી છૂટાછેડા થાય તે સમાજના બંધારણ પ્રમાણે દાપુ પાછુ આપવું.

૨. ચાંદીના છડા અથવા પાયલ, રવો અથવા ચુની પરત આપવી.

૩. વર કન્યા વચ્ચે અણ બનાવ બને અને કન્યા પક્ષ તરફથી છૂટાછેડા આપવામાં આવે તો મુરતીયાના પિતાને રૂા. ૨૫૦૦૦/- (પચ્ચીસ હજાર) કન્યાના પિતાએ આપવના રહેશે. તથા કન્યા પક્ષ તરફથી આપવામાં આવેલા વધારાના દાગીના પરત કરવાના રહેશે. જો વર પક્ષ તરફથી છૂટા છેડા આપવામાં આવે તો મુરતીયાના પિતાએ રૂા. ૨૫૦૦૦/- (પચ્ચીસ હજાર) કન્યાના પિતાને આપવાના રહેશે. તેમજ સમાજના ધારાધોરણ મુજબના દાગીના પરત કરવાના રહેશે. ઉપરોક્ત કલમનો ભંગ કરનાર બેતાલીસ ગોળ રોહિત સમાજનો ગુનેગાર ગણાશે.

**ઠરાવ નં. - ૧૬ મરણોત્તર પ્રસંગ બાબત.**

૧. બેતાલીસ ગોળ રોહિત સમાજના કોઈપણ વ્યક્તિના મરણ પછી કળશીયો પ્રભા કે સેમાડીયુ સદંતર બંધ કરવામાં આવે છે.



Scanned by CamScanner
Scanned with CamScanner
Scanned with CamScanner

૨. સગાં સાચવવા મરજીયાત છે.

૩. જમણવારમાં જેની શક્તિ પ્રમાણે મરણ પાછળ જમણવાર કરવાની છુટ છે. પરંતુ જેની શક્તિ ના હોય તેને ખીચડી કઢી કરવાની છુટ છે.

૪. અફીણ–કેફીપીણાં સદંતર બંધ છે.

૫. બેસણાંના દિવસો રવિવાર સાથે પાંચ દિવસ રાખવામાં આવે છે.

૬. લોકાચારના રૂા. ૧૦/- (દશ) આપવાનુ નક્કી કરવામાં આવે છે.

૭. મૃત્યુના દિવસથી પાંચમાં દિવસે શોક ઉઠાડવો.

૮. બપોરા સાથે પાંચ દિવસમાં તમામ વિધિ પુરી કરવી.

૯. દિકરીઓને શોકના સાડલા પેટે રૂા. ૧૦૦/- (સો) આપવા.

૧૦. દિકરી વિધવા બને તો પોથના રૂા. ૨૦૧/- (બસો એક) આપવા.

૧૧. દિકરી ગુજરી જાય તો ખાંપણ પેટે રૂા. ૨૦૧/- (બસો એક) આપવા.

૧૨. બેતાળીસ ગોળના રોહિત સમાજના કોઈપણ મૃત દેહને અંતિમ વિધિ માટે સિધ્ધપુર લઈ જવા નહિ.

૧૩. ઉપરોક્ત કલમ ૧ થી ૧૨ સુધીના બંધારણનો ભંગ કરનાર વ્યક્તિ કે ગામ બેતાળીસ રોહિત સમાજનો ગુનેગાર ગણાશે જે શિક્ષા સમાજ કરે તે અને તેના ગામે માન્ય રાખવી પડશે.



Scanned by CamScanner
Scanned with CamScanner
Scanned with CamScanner

ઠરાવ નં. - ૧૭ સામાન્ય ઠરાવ

૧. કોઇ પ્રસંગે વેવાઇને ઘેર વેવાણ આવે તો સગી વેવાણ ને રૂા. ૨૫/- (પચ્ચીસ) તેમ જ અન્ય સાથે આવનારને રૂા. ૧૦/- (દસ) પ્રમાણે આપવા. સાડલા આપવા સદંતર બંધ છે.

૨. કન્યાના પિતા તેની દિકરીના છૂટાછેડા લીધા સિવાય હયાત પતિ હોવા છતાં ઉભા ધણીને મૂકી બીજાને વળાવીદે તો કન્યાના પિતાએ રૂા. ૫૧૦૦૦/- (એકાવન હજાર) મૂરતીયાના પિતાને આપવાના રહેશે અને તે બેતાલીસ ગોળ રોહિત સમાજનો ગુનેગાર ગણાશે.

૩. કોઇ પણ પુરૂષ પોતાની પત્ની હયાત હોય બીજી પત્ની કરી શકશે નહિ. પરંતુ સંતાનના અભાવે બીજી પત્ની કરવાનો પ્રશ્ન ઉભો થાય તો બન્ને લેખિત સંમતિ તેમજ પિયર પક્ષીની પણ લેખીત સંમતિ લઇને કરવું. જો લેખીત સંમતી વગર કરશે તો સમાજનો અને કાયદાનો ગુનેગાર ગણાશે. તેમજ પ્રથમ પત્ની છૂટી થવા ન માંગતી હોય તો તેનું આજીવન ભરણ પોષણ આપવું પડશે. અને પ્રથમ પત્ની છૂટી થવા માંગતી હોય તો કોરા કાગળે છૂટી કરવી.

૪. સમાજના સુધારા વધારા માટે માંડવા પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે. ભવિષ્યમાં સમાજના સુધારા વધારા માટે સમાજે જરૂરિયાત જણાશે તો સ્વખર્ચે હારીજ ખાતે આવી સર્વાનુમતે નિર્ણયો લેવાના રહેશે.



Scanned by CamScanner
Scanned with CamScanner
Scanned with CamScanner

૫. પાટણવાડાના પાંચ પરગણામાંથી જે કોઇ માંડવાનું નૂતરૂ કાઢે તો કોઇએ નુતરે જવું નહિ અને જવાનું થાય તો બેતાલીસ ગોળની મંજુરી મેળવીને જવું.

આ બંધારણનો કોઇપણ વ્યક્તિ કે ગામ ભંગ કરશે તે ગામની વસ્તી તેમજ બેતાલીસ ગોળ રોહિત સમાજનો ગુનેગાર ગણાશે. બંધારણનો ભંગ કરનારની જાણ ગામની વસ્તીએ તથા પડોશી ગામ અને બેતાલીસ ગોળ રોહિત સમાજને કાગળ લખીને જાણ કરવી.

જેને ગુનેગારની જાણ હોવા છતાં તે જાણ ન કરે તો તેને રોહિદાસ ભગવાનની દુહાઇ છે. સમાજની એકતા સંગઠન અને બંધારણના પાલન માટે સગાવાદ–ભાઇવાદ–કુટુંબવાદ કરશે તેને રોહિદાસ ભગવાનની આણ છે.



Scanned by CamScanner
Scanned with CamScanner
Scanned with CamScanner

# ટણવાડા બેતાલીસ ગોળ
# ત સમાજના ગામોની યાદી

| | | | |
|---|---|---|---|
| અડીયા | રૂગનાથપુરા | ખાખડી | એકલવા |
| કાતરા | સોઢવ | કુરેજા | રોડા |
| જમણપુર | સાંકરા | કુંભાણા | ચાબખા |
| ખાખલ | જશોમાવ | નવામાંકા | જસવંતપુરા |
| રાવિન્દ્રા | નાંણા | થરોડ | |
| માલસુંદ | સરેલ | માનપુર | |
| બોરતવાડા | કાઠી | ખાનપુર | |

Scanned by CamScanner
Scanned with CamScanner
Scanned with CamScanner